# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ–** (૧) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૩.૦૧.૨૦૧૫નો પત્ર શેરા ક્રમાંક પરચ/ ૧૩૨૦૧૫/ ૨૧૬/ મ.૩

(૨) સેકશન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૩.૦૧.૨૦૧૫નો પત્ર ક્રમાંક પરચ/ ૧૦૨૦૧૫/ ૧૨૬–ક

(૩) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનો તા.૨૧.૦૧.૨૦૧૫નો પત્ર ક્રમાંક એનવીડી – ૧૦૨૦૧૪–૧૧૧૫–છ

**રાષ્ટ્રીય મતદાતા દિવસ – ૨૦૧૫ની ઉજવણી બાબત..**

## –:: <u>પરિપત્ર</u> ::–

મુખ્ય નિર્વાચન અધિકારી, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર, ગુજરાત રાજયનો ઉકત વંચાણે લીધેલ પત્ર ક્રમાંક –(૩) થી મળેલ સુચનાઓ મુજબ તા.૨૫.૦૧.૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય મતદાન દિવસ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞાપત્ર નિયત કર્યુ છે જે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના ભાગરૂપે સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવા જણાવેલ છે. <u>***સદર પત્ર અત્રે તા.૨૫.૦૧.૨૦૧૫ બાદ મળેલ હોવાથી અત્રેથી સુચના આપવામાં આવે છે કે ભારત જેવા લોકશાહી દેશમાં યોજાતી ચૂંટણીઓમાં નાગરીકો વધુને વધુ હિસ્સો લે તેમજ જનભાગીદારી વધે અને લોકશાહી વધુ મજબુત થાય તેવા શુભ આશય થી અત્રેની યુનિવર્સિટીના જે તે વિભાગના વડાશ્રીઓએ પોતાના વિભાગમાં ફરજ બજાવતા અધિકારી / કર્મચારીશ્રીઓને ચોકકસ સમય નિયત કરી સમુહમાં પ્રતિજ્ઞા લેવા અંગેની કાર્યવાહી કરવી. તેમજ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની સુચના મુજબ પ્રતિજ્ઞાપત્ર આપના વિભાગના જાહેર નોટીસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવામાં આવે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.***</u>

ઈ/ચા.કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૧૪૨૬ - ૭૫/૨૦૧૫.
નવસારી. તારીખઃ ૨૭/૦૧/૨૦૧૫.

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

।૧। અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રી / ડીનશ્રી તરફ.
।૨। નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તરફ

તાત્કાલિક

ક્રમાંક:પરચ-૧૦૨૦૧૫-૧૨૬-ટ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૧/૨૦૧૫

પ્રતિ,
સામાન્ય વહીવટ વિભાગ હેઠળના,
સર્વે ખાતાના વડાઓ.
સચિવાલય, ગાંધીનગર.

વિષય:- રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૫ ની ઉજવણી બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક:એનવીડી-૧૦૨૦૧૪-૧૧૧૫-છ ની નકલ તેમજ સામેલ પ્રતિજ્ઞાપત્ર (અંગ્રેજી તેમજ ગુજરાતીમાં) જરૂરી કાર્યવાહી માટે આ સાથે મોકલી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ:-મતદારોએ લેવાની પ્રતિજ્ઞાંપત્ર.,

(આર. આઇ. જાની)
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ,

નકલ રવાના:-
ઉપસચિવશ્રી (છ-શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૫/૨૧૬/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩/૦૧/૨૦૧૫

216/મ.3
તા-- 23/1/15

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ.
- સેક્શન અધિકારીશ્રી, મ શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

B.R. Thakkar
ઉપસચિવ
કૃષિ અને સહકાર વિભાગ

૬૫૫
તા. 27 JAN. 2015

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : એનવીડી–૧૦૨૦૧૪–૧૧૧૫–છ                                                    તારીખ : ૨૧/૧/૨૦૧૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી
(સચિવાલયના સર્વે વિભાગો)

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૧૫ ની ઉજવણી બાબત

શ્રીમાન,

રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૧૫ ની ઉજવણી તા. ૨૫/૧/૨૦૧૫ ના રોજ ભારતના ચૂંટણી પંચની સૂચનાથી રાજ્ય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ થનાર છે. ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞાપત્ર નિયત કર્યું છે, જે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની રહે છે.

આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી તા. ૨૫/૧/૨૦૧૫ના રોજ કરવાની છે: આ દિવસે જાહેર રજા હોઈ, ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ, આ પ્રતિજ્ઞા આપના વિભાગના પ્રત્યેક અધિકારી/કર્મચારીઓ દ્વારા તથા આપના વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓના તમામ અધિકારી/કર્મચારીઓ દ્વારા તા. **૨૩**/૧/૨૦૧૫ના રોજ લેવામાં આવે તે પ્રમાણેનું આયોજન હાથ ધરવાનું રહે છે. પ્રતિજ્ઞાપત્રની અંગ્રેજી તથા ગુજરાતી નકલો આ સાથે સામેલ રાખેલ છે. જે આપના વિભાગમાં તથા ખાતાના વડાની કચેરીઓમાં પરિપત્રિત કરાવી તા. **૨૩**/૧/૨૦૧૫ ના રોજ આ પ્રતિજ્ઞા લેવામાં આવે તે પ્રમાણે વ્યવસ્થા કરાવશો.

આ પ્રતિજ્ઞાપત્ર આપના વિભાગમાં તથા આપના વિભાગ હસ્તકની ખાતાના વડાની તમામ કચેરીઓમાં જાહેર નોટીસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવામાં આવે તેવી વ્યવસ્થા કરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

(અનીતા કરવલ)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજ્ય

બિડાણ : ઉપર મુજબ

925-2
21/1/15

254-24
21.1.15

## મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

# VOTERS PLEDGE

We, the citizens of India, having abiding faith in democracy, hereby pledge to uphold the democratic traditions of out country and the dignity of free, fair and peaceful elections, and to vote in every election fearlessly and without being influenced by considerations of religion, race, caste, community, language or any inducement.